ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

ડોર,
ચરખી,
પતંગ
સબ કુછ તો થા...
સિર્ફ
ઉસકે ઘર કી તરફ
હવા ન ચલી

### જન્મદિને વધામણી



મુનીન્દ્ર આર જોષી
નિવૃત્ત પ્રિન્સિપાલ
સિધ્ધાર્થ લો કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૨૪૩ ૯૮૭૧૭



મિતાલી સાત્વિક ત્રિવેદી



કલગી પી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



નિસર્ગ દર્પણ બુચ
મો. ૭૮૭૪૪ ૦૭૩૫૬

### ગાંધીનગરનું ગૌરવ : મૂળ ગાંધીનગરનાં રહેવાસી

# અલકા પટેલ 'મિસીસ ઈન્ડિયા યુએસએ'





મૂળ ગાંધીનગરનાં રહેવાસી અને હાલ યુએસએમાં સ્થિત અલકા પટેલે વર્જીલીયા પ્રોડક્શન્સ આયોજિત ૨૯મી વાર્ષિક બ્યુટી કોન્ટેસ્ટમાં ભાગ લઈને મિસીસ ઈન્ડિયા યુએસએનો ખિતાબ પ્રાપ્ત કર્યો છે.

રોડોન્ડો બિચ પરફોર્મિંગ આર્ટ્સ સેન્ટર ખાતે આયોજિત એક ભવ્ય સમારોહ અંતર્ગત અલકા પટેલે આ ખિતાબ પ્રાપ્ત કર્યો હતો. ઈવેન્ટનો પ્રારંભ નેશનલ કોશ્ચ્યુમથી સજ્જ મહિલાઓએ ફેશન શોના માધ્યમથી કર્યો હતો, જેમાં અલકા પટેલે રોહિણી બેદી દ્વારા ડિઝાઈન કરેલો ડ્રેસ ધારણ કર્યો હતો. એ પછી સૌ સ્પર્ધકોએ ગૃપ ડાન્સમાં ભાગ લીધો હતો અને ત્યારબાદ મિસ સ્વીમસ્યુટ રાઉન્ડ યોજાયો હતો. ફાઈનલ જજ કેટેગરી વેળાએ અલકા પટેલે આકર્ષક બ્લ્યૂ ઈવનીંગ ગાઉન ધારણ કર્યો હતો અને આખરે 'પીપલ્સ ચોઈસ એવોર્ડ' પોતાને નામે કર્યો હતો.

અલકા પટેલ ૧૯૯૧માં અમેરિકામાં શિફ્ટ થયાં હતાં અને હાલ તેઓ ત્યાં પોતાના પતિ અને બે બાળકો સાથે સ્થાયી થયાં છે તથા સિવિલ એન્જિનીયર તરીકે કાર્ય પણ કરી રહ્યાં છે. અમેરિકામાં વિવિધ સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે તેમનો નાતો લાંબા સમયથી રહ્યો છે, જેના માધ્યમથી તેઓ વિવિધ સામાજિક ઉપક્રમોમાં પોતાની ભાગીદારી નોંધાવી રહ્યાં છે.

### પ્રેરણા વિદ્યાલય દ્વારા

# વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન કરાયું







ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના બોર્ડના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવા માટે સેક્ટર-૧૨ ખાતે સ્થિત આંબેડકર હોલમાં મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાન તરીકે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડના સચિવ જલુસાહેબ, ફિસરીઝના આસી. કમિશનર પ્રદ્યુમનસિંહ વાઘેલા, સબ્જેક્ટ એક્સપર્ટ ખાસ ઘટક કમિશનર ઓફ સ્કૂલના કલાસ-૨ અધિકારી સ્વાતિબા રાઓલ, મોટીવેશનલ ટ્રેનર મૌલિકભાઈ સોની અને પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા બિહોલા, નરેશભાઈ શાહ, આર એમ પટેલ અને વાલીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અતિથિઓએ વિદ્યાર્થીઓને વિગતે પરીક્ષાલક્ષી માહિતી આપી હતી અને તેમને પરીક્ષામાં સફળ થવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મોટીવેશનલ ટ્રેનર મૌલિકભાઈ સોનીએ વિદ્યાર્થીઓના ડરને દૂર કરવા માટે વિવિધ ઉદાહરણ આપી તેમને મોટીવેટ કર્યા હતા. બોર્ડની પરીક્ષામાં પેપર્સ કેવી રીતે લખવાં, વાંચેલું મહત્તમ યાદ કેવી રીતે રાખવું, જીવનમાં સફળતા માટે મહેનત એકમાત્ર ઉકેલ છે એવી શીખ વિદ્યાર્થીઓને આપી તેમણે વિદ્યાર્થીઓને જ્વલંત સફળતા માટે યોગ્ય માર્ગદર્શન આપી શુભકામના પાઠવી હતી.

પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપરાંત સ્ટાફમિત્રો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સિદ્ધાર્થ લૉ કૉલેજ ખાતે વિવિધ ડેની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરાઈ


ગાંધીનગર, તા. ૧૬

સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે વિવિધ ડેની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

પર્યાવરણ દિવસ, વિશ્વ શાંતિ દિવસ, ટ્રેડિશનલ સાડી અને સૂટ દિવસ, બ્લૅક ઍન્ડ વ્હાઈટ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓએ અનન્ય ઉત્સાહ સાથે કરી કૉલેજ કૅમ્પસને નવી ઊર્જા પ્રદાન કરી હતી.

આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ આ ઉત્સાહી ઉજવણી બદલ સમગ્ર કૉલેજ પરિવાર વતી વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળાના ધો-૫ના વિદ્યાર્થીઓએ એસએઆઈની મુલાકાત લીધી



ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળાના ધો-૫ના બાળકોએ સેક્ટર-૧૫માં આવેલ સ્પોર્ટસ ઓથોરોટી ઓફ ઈન્ડિયા (S.A.I.)ની મુલાકાત લીધી હતી. અહીં બાળકોએ સ્પોર્ટ્સની વિવિધ માહિતી મેળવી હતી. બાળકોમાં સ્પોર્ટ્સ પ્રત્યે અભિરુચિ કેળવાય તે હેતુથી આ વિઝિટનું આયોજન થયું હતું. બાળકોની સાથે શાળાના શિક્ષકો પણ આ મુલાકાતમાં જોડાયા હતા.

# પિલવાઈ કોલેજમાં ચિનુ મોદીનું 'મેમરી લેન' નાટક ભજવાયું

ગાંધીનગર, તા. ૧૬

ઉત્તર ગુજરાતની પિલવાઈ કોલેજમાં તા. ૧૨-૧-૨૦૧૮ના રોજ કોલેજની નાટ્યધારા અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી ગુજરાતના અગ્રગણ્ય દિવંગત સાહિત્યકાર ચિનુ મોદી લેખિત અને તેમને શ્રદ્ધાંજલિ આપતું સુંદર નાટક 'મેમરી લેન' ભજવાઈ ગયું. ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મના જાણીતા કલાકારો દ્વારા ભજવાયેલા નાટકને કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ મનભરીને માણ્યું હતું.

સંસ્થાના આચાર્ય ડૉ. સંજય શાહે નાટકની પ્રશંસા કરી સૌ કલાકારોને અભિનંદન આપ્યા હતા તથા સાહિત્યકાર સ્વ. ચિનુ મોદીના ગુજરાતી સાહિત્યને કરેલ પ્રદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. નાટ્યધારાના કોઓર્ડિનેટર કાર્તિકેય ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

# લવારપુરના વડીલો વિમાનમાં મુંબઈની સહેલગાહે જઈ આવ્યા



## વડીલો તાજેતરમાં ટેકનોલોજીના ઉપયોગ માટે કોમ્પ્યુટર તથા સ્માર્ટ ફોનની તાલીમમાં પણ જોડાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના પડોશી લવારપુરના વડીલો ઢળતી ઉંમરે જીવનને સાચા અર્થમાં જીવવા માટેની પ્રક્રિયા આરંભી દીધી છે. તાજેતરમાં ટેકનોલોજીના ઉપયોગ માટે કોમ્પ્યુટર તથા સ્માર્ટ ફોનની તાલીમમાં પણ જોડાયા છે.

જ્યારે બે દિવસ પહેલા જ ગામના ૧૦૫ સીનીયર સીટીઝન મહિલા અને પુરૂષો અમદાવાદથી વિમાન માર્ગે મુંબઈની સહેલગાહે પહોંચ્યા હતા. આ વડીલોએ જીવનમાં પ્રથમવાર જ વિમાનમાં બેસવાનો આનંદ માણી જીવનને ધન્ય ગણ્યું હતું. મુંબઈમાં ચોપાટી, તાજહોટલ, સિદ્ધિ વિનાયક મંદિર તથા વિવિધ જોવાલાયક સ્થળો લકઝરી બસ દ્વારા પહોંચીને નિહાળ્યા હતા અને મજા માણી હતી. અને પરત પણ મુંબઈથી અમદાવાદ વિમાન માર્ગે આવ્યા હતા. લવારપુરના રહીશ અને એનઆરઆઈ રમણભાઈ પટેલનો સીનીયર સીટીઝનો માટેનો અભિગમ અને તે અંગેનો પુરૂષાર્થ આ તમામ કાર્યોમાં વિશેષ રહ્યો છે.

જેનો ઉલ્લેખ કરી ગામના વડીલોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે લવારપુરના આ સીનીયર સીટીઝનોમાં મોટાભાગે શિક્ષકો તેમજ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ છે જેમનો ઉત્સાહ પણ યુવાનોને શરમાવે તેવો છે જે કારણે વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે.

# પ્રેમની પરિભાષા કરતાં માલિકીભાવની ભાષા અલગ હોય છે

(ગતાંકથી ચાલુ)

એક શહેરમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરતી એક સંપૂર્ણ બિનવ્યવસાયિક સંસ્થા. એ સંસ્થા લોકનૃત્ય, સંગીત અને ગરબાની વિવિધ પ્રવૃતિઓ કરે. શહેર અને રાજયમાં એ સંસ્થાનું સારું એવું નામ. એ સંસ્થા સાથે લગભગ ચાલીસેક યુવક-યુવતીઓ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. એ સંસ્થાના વડાને પોતાના કલાકારો પ્રત્યે ખૂબ જ સ્નેહ, પ્રેમ., લગાવ અને કાળજી. સંસ્થાના સૂત્રધાર હંમેશા એવું ઈચ્છે અને આગ્રહ પણ રાખે કે પોતાની સંસ્થાના કલાકારો બીજી કોઈ સંસ્થા સાથે જોડાય નહીં અને પોતાની પરવાનગી વિના બીજા કાર્યક્રમોમાં પણ પોતાની કળાની રજૂઆત ના કરે. જ્યારે જ્યારે કલાકારો આ પ્રકારની પરવાનગી લેવા માટે આવે ત્યારે કોઈપણ રીતે તેમને કાર્યક્રમ રજૂ ના કરવા માટે મનાવી લે. એ સંસ્થા કોઈ જ કલાકારોને કોઈપણ પ્રકારનું મહેનતાણું ના આપે. હા કોઈ કોઈ વાર નાનામોટા પુરષ્કારો આપીને સન્માન કરે. આમ સંસ્થાના વડા પોતાના કલાકારો ઉપર પોતાનો માલિકીભાવ સ્થાપિત કરવા માટે સતત પ્રયત્ન કરે અને મોટાભાગના કલાકારો સ્થાના વડાના એ માલિકીભાવને શરણે પણ થઈ જતાં. સંસ્થાના વડાના પોતાના કલાકારો ઉપરના માલિકીભાવને કારણે ઘણા કલાકારો એ સંસ્થા અને એ સંસ્થાના વડાની છત્રછાયા નીચે જ રહ્યા જેથી પોતાની આગવી ઓળખ ના બનાવી શક્યા. એવું પણ કહી શકાય કે કેટલાક કલાકારોએ તો પોતાની જે કઈ આગવી ઓળખ હતી એ પણ ગુમાવી દીધી. જે કલાકારોએ સંસ્થાના વડાનાં માલિકીભાવની અવગણના કરી અને સ્વતંત્ર નિર્ણયો લીધા તેઓમાથી કેટલાક પોતાની આગવી ઓળખ ઊભી પણ કરી શક્યા અને કાલક્ષેત્રમાં ખૂબ જ આગળ વધી શક્યા. બે વ્યક્તિના સંબંધોનો હેતુ એકબીજાને સહાયરૂપ થવું, એકબીજાના વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહન આપવાનો અને એકબીજાને હુંફ આપવાનો હોય છે, તેની સાથે સાથે વ્યક્તિની પોતાની આગવી ઓળખ પણ જાળવી રાખવાનો હોય છે, નહીં કે એકબીજા ઉપર હાવી થઈને તેની ઉપર માલિકીભાવ ભોગવીને તેની આગવી ઓળખને પણ નુકશાન કરવાનો. જે વ્યક્તિ ઉપર આપણે માલિકીભાવ ભોગવીએ છીએ તે વ્યક્તિ આપની છત્રછાયા નીચે જ જીવતી હોય હોય એ વ્યક્તિની આગવી ઓળખ પણ ઘણીવાર ખતમ થઈ જતી હોય છે.







vamlani2000@yahoo.co.uk

પોતાની પ્રિય વ્યક્તિ જો બીજી કોઈ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારના સંબંધો વિકસાવે તો તે વ્યક્તિ ઉપર માલિકીભાવ ધરાવનારને ઈર્ષા થાય છે. વ્યક્તિ તેને સતત અને સખત રીતે મજબૂત પકડી રાખવા પ્રયત્ન કરતી રહે છે જેથી એ વ્યક્તિ પોતાનાથી ક્યારેય છટકી ના શકે. "આ વ્યક્તિ મારી છે, મારી જ છે, તેના ઉપર મારો જ અધિકાર છે, મારા સિવાય તેને બીજી વ્યક્તિ સ્પર્શી પણ ના શકે" એવા મોહમાં માલિકીભાવ ધરાવતી વ્યક્તિ સતત રાચતી હોય છે જેને કારણે પેલું પ્રિયપાત્ર ક્યારેક હેરાન પરેશાન થઈ જતું હોય છે. અને ક્યારેક તો વ્યક્તિ માનસિક તાણ અનુભવે ચ્યે. જો વ્યક્તિ આ પ્રકારનું માનસિક તાણ સતત અનુભવતી રહે તો ક્યારેક તે માનસિક રોગનો શિકાર પણ બની શકે છે.

વ્યક્તિને પોતાના સ્નેહીઓ, મિત્રો, કુટુંબીજનો, સહકર્મચારીઓ, નોકરો કે પ્રિયતમ કે પ્રિયતમા પ્રત્યે માલિકીભાવ જાગતો હોય છે. વ્યક્તિને જ્યારે આ પ્રકારના સંબંધીઓ સાથેના સંબંધો ખોઈ દેવાનો ભય લાગે છે, જ્યારે તેને પોતાના જ સંબંધોમાં વિશ્વાસ નથી રહેતો, બીજા શબ્દોમાં, વ્યક્તિ જ્યારે પોતાના સંબંધોમાં આત્મ-વિશ્વાસ ખોઈ બેસે છે ત્યારે માલિકીભાવ જાગે છે. વ્યક્તિને પોતાના પ્રિયપાત્રમાં, તેના સ્નેહ અને પ્રેમમાં પણ વિશ્વાસ નથી હોતો એટલે પણ તેને એવો ભય લાગતો હોય છે. આવી પરિસ્થિતિમાં પોતાના સંબંધો તૂટી જવાની, પોતાના સંબંધો ખોઈ બેસવાની કે પોતાના સંબંધીઓ પોતાનાથી દૂર થઈ જશે એવી અસલામતી અનુભવતી હોય છે. સંબંધોની અસલામતી એ માલિકીભાવની જન્મદાતા છે. એકવાર વ્યક્તિના મનમાં કોઈ સ્નેહી પ્રત્યે માલિકીભાવનો જન્મ થાય છે પછે તેમાથી છૂટવું અશક્ય નહીં તો મુશ્કેલ તો બની જ જાય છે.

પોતાનું પ્રિયપાત્ર પોતાનાથી દૂર હોય છે ત્યારે તે સતત તેના સંપર્કમાં રહીને તેના ઉપર બાજ નઝર રાખે છે. પોતાનું પ્રિયપાત્ર ક્યાં જાય છે, ક્યારે જાય છે, કોને મળે છે, ક્યારે પાછી ફરે છે તેનું સતત ધ્યાન રાખે છે. ક્યારેક પોતે તેની જાસૂસી પણ કરે છે. પ્રિયપાત્રના મોબાઈલ, મેઈલ, મેસેજ, પર્સ વિગેરે તપાસીને પોતાના પ્રિયપાત્રની અંગત માહિતી મેળવવા માટે પ્રયત્ન કરતી હોય છે. પોતાના સ્નેહીજનની મોટાભાગની હિલચાલ ઉપર નઝર રાખીને પોતાના રડારમાથી એ સ્નેહીજન ક્યારેય બહાર ના જાય તેની પૂરી તકેદારી રાખતી હોય છે. ક્યારેક, કોઈપણ કારણસર પ્રિયપાત્ર તેના રડારમાથી બહાર નીકળી જાયછે ત્યારે વ્યક્તિ બેચેની અનુભવે છે અને જ્યાં સુધી પોતાના પ્રિયપાત્રને શોધી ના કાઢે ત્યાં સુધી અસ્વસ્થ રહે છે. વ્યક્તિ પોતાના પ્રિયપાત્રને શોધીને જ ઝંપે છે.

વ્યક્તિના પોતાના પ્રિયપાત્ર ઉપરના માલિકીભાવની અભિવ્યક્તિની પરાકાષ્ઠા તો ત્યારે આવે છે જ્યારે વ્યક્તિ પોતાના પ્રિયપાત્રના પહેરવેશ, તેની ખાણીપીણી, તેના શોખ વગેરે ઉપર પણ પોતાના ગમા-અણગમા વ્યક્ત કરે છે. પ્રિયપાત્રના જે કોઈ પહેરવેશ, ખાણીપીણી, શોખ કે રહેણી-કરણી પોતાને ગમતા ના હોય ત્યારે સતત ટકોર કરતી રહે છે અને ક્યારેક તો પોતાને જ ગમતું હોય એવું પ્રિયપાત્ર ઉપર ઠોકી બેસાડવા પણ પ્રયત્ન કરે છે. (ક્રમશઃ)